| | | |
|---|---|---|
| GJKT100000872026 | સત્યમેવ જયતે | રજુ તારીખ :- :૦૮-૦૧-૨૦૨૬<br>દાખલતારીખ:- ૦૮-૦૧-૨૦૨૬<br>ફેંસલ તારીખ:- ૧૨-૦૫-૨૦૨૬<br>સમયગાળો:- વ. મા. દિ.<br>૦૦ ૦૪ ૦૪ |

# અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, અંજાર-કચ્છ.

ફોજદારી કેસ નં.૬૩/૨૦૨૬
આંક- 18

(અંજાર પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૯૯૩૦૦૩૨૫૧૩૧૫/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ- ૨૮૧,૧૨૫(બી) તેમજ એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪)

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી તરફે | વિધ્વાન એ.પી.પી.શ્રી એન.એસ.ઠકકર |
| આરોપી | **રશપાલસિંહ હરભજનલાલ મહમી,**<br>ઉ.વ.:૩૩, ધંધો: ડ્રાઈવીંગ,<br>રહે: મકાન નં. ૧૬, શાંતીધામ-૦૩, વરસામેડી,અંજાર-કચ્છ<br>મુળ- જગદંબા સોસાયટી, કિડાણા, ગાંધીધામ-કચ્છ |
| આરોપી તરફે | વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી એ.આર.બારોટ |

## -:: ફોર્મ-બી ::-

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા: ૧૮-૧૦-૨૦૨૫ |
| એફ.આઈ.આર. ની તારીખ | તા:૧૯-૧૦-૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | તા:૦૮-૦૧-૨૦૨૬ |
| ચાર્જ ફરમાવ્યાની તારીખ | તા:૧૧-૦૩-૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા:૧૫-૦૪-૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ------ |
| ચુકાદો આપ્યા તારીખ | -ઉપર મુજબ - |
| સજાનો હુકમ સંભાળ્યાની તારીખ, જો હોય તો | ----- |

## –:: આરોપીની વિગતો :–

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છુટયાની તારીખ | ગુનાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન કાચા કામે ભોગવેલ સજાનો સમય ગાળો (Cr. P.C.Se.428 મુજબ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રશપાલસિંહ હરભજનલાલ મહમી | ૧૩–૦૮–૨૫ | ૧૩–૦૮–૨૫ | બી.એન.એસ.ની કલમ–૨૮૧,૧૨૫ (બી) તેમજ એમ.વી.એકટની કલમ –૧૭૭,૧૮૪, ૧૩૪ | નિર્દોષ | –– | –– |

## –:: જ જ મે ન્ટ ::–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા:૧૮–૧૦–૨૦૨૫ ના રોજ કલાક: ૧૨:૦૦ વાગ્યાના સમયે કે તે અરસામાં આરોપીએ પોતાના કબજાનુ ડમ્પર(ટ્રક) રજી. નં. જીજે–૦૩–સીયુ–૩૩૫૧ વાળુ ફુલ સ્પીડમાં પુરઝડપે, બેફીકરાઇ અને ગફલતભરી રીતે હંકારી, ટર્ન લેતી વખતે પાછળના ટાયરમાં ફરીયાદીની મોટર સાયકલ રજી. નં. જીજે–૩૯–ઈ–૩૯૬૫ વાળા સાથે અકસ્માત કરી હડફેટમાં લઇ, ફરીયાદીને માથાના ભાગે બાવીશ ટાંકા આવેલ તેવી ગંભીર ઈજા કરેલ તેમજ ડાબા પગના ભાગે છ ટાંકા આવેલ તેમજ જમણા હાથના અંગુઠામાં ત્રણ ટાંકા આવેલ તેવી ઈજાઓ થયેલ તેમજ શરીરના ભાગે મુઢ ઈજાઓ પહોચાડેલ હોવા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧,૧૨૫(બી) તેમજ મોટર વ્હીકલસ એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના ગુનાની ફરીયાદ દાખલ થતાં જે તે સમયે જવાબદાર અધિકારીએ તે મુજબનો ગુનો દાખલ કરી, આગળની તપાસ,તપાસ કરનાર અમલદારને સોપતા, તેઓએ તપાસનાં અંતે ચાર્જશીટ દાખલ કરેલ.

(૨) આ કામે આરોપી જામીન મુકત હોઇ તેઓને સમન્સ/નોટીસની બજવણી થતાં, તેઓ અદાલત સમક્ષ હાજર થતા, પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પુરી પાડયા બાદ, આંક-૦૫ થી ગુનાની વિગતે પ્લી રેકર્ડ કરતા, આરોપીએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતા, ફરીયાદ પક્ષના કેસની ન્યાયીક કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક-દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**મૌખિક પુરાવો :-**

| ક્રમ | વિગત | આંક- |
|---|---|---|
| ૦૧ | સાહેદ- સુમિત પ્રકુલ જયમન લાકરા | ૦૭ |
| ૦૨ | સાહેદ- હરીશકુમાર ગોપાલસિંઘ કુમાર | ૦૮ |
| ૦૩ | ફરીયાદી-રવિન્દ્ર રાજેશભાઇ ચવન | ૧૧ |
| ૦૪ | સાહેદ-શામજી હમીરભાઇ આગરીયા | ૧૩ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | અસલ ફરીયાદ | ૧૨ |
| ૦૨ | એમ.એલ.સી. | ૧૪ |
| ૦૩ | આર.સી.બુકની નકલ | ૧૫,૧૬ |
| ૦૪ | પંચનામુ | ૧૭ |

(૪) ફરીયાદ પક્ષે ઉપરોકત રજુ મૌખિક-દસ્તાવેજી પુરાવા સીવાય વિશેષ કોઇ પુરાવો રજુ થતો ન હોઇ,રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનુ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન રેકર્ડ કરવામાં આવતા, તેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી, તેઓ નિર્દોષ હોઇ છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા તેમજ કેસનુ રેકર્ડ ધ્યાને લેતા કેસના ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૦૧:–**

શું ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા:૧૮–૧૦–૨૦૨૫ ના રોજ કલાક: ૧૨:૦૦ વાગ્યાના સમયે કે તે અરસામાં આરોપીએ પોતાના કબજાનુ ડમ્પર(ટ્રક) રજી. નં. જીજે–૦૩–સીયુ–૩૩૫૧ વાળુ ફુલ સ્પીડમાં પુરઝડપે, બેફીકરાઈ અને ગફલતભરી રીતે હંકારી,ટર્ન લેતી વખતે પાછળના ટાયરમાં ફરીયાદીની મોટર સાયકલ રજી.નં.જીજે–૩૯–ઈ–૩૯૬૫ વાળા સાથે અકસ્માત કરી હડફેટમાં લઈ, ફરીયાદીને માથાના ભાગે બાવીશ ટાંકા આવેલ તેવી ગંભીર ઈજા કરેલ તેમજ ડાબા પગના ભાગે છ ટાંકા આવેલ તેમજ જમણા હાથના અંગુઠામાં ત્રણ ટાંકા આવેલ તેવી ઈજાઓ થયેલ તેમજ શરીરના ભાગે મુઢ ઈજાઓ પહોચાડી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧,૧૨૫(બી) તેમજ મોટર વ્હીકલસ એકટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૦૨** :–

શું હુકમ ?

ઉપરોકત મુદ્દાના નિર્ણય અને તેના કારણો નીચે મુજબના છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં.૦૧ :–**

(૬) આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબ પ્રોસીકયુશન પક્ષે આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિ:શંકપણે પુરવાર કરવાની જવાબાદરી પ્રોસીકયુશન પક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી.

(૭) ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનુ મૂલ્યાંકન કરતા આંક–૦૭ થી સાહેદ સુમિત પ્રફુઈલ જયમન લાકરાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવાની સરતપાસ વંચાણે લેતાં ફરીયાદી રવિ રાજેશભાઈ ચવન સાથેનો અકસ્માતનો બનાવ આશરે છ માસ અગાઉ બનેલ હોવાનુ અને આ રવિ તેમનો રૂમ પાર્ટનર હોવાનુ અને અકસ્માત નો બનાવ બનેલ ત્યારે તેઓ કંડલા એરપોર્ટ પર નોકરી પર હતા. તેઓને બપોરના સવા બાર–સાડાબાર ના અરસામાં આનંદનો ફોન આવેલ અને જણાવેલ કે રવિ ઓફીસ આવતો હતો ત્યારે તેનો અકસ્માત થયેલ છે અને સારવાર માટે એક ખાનગી હોસ્પીલમાં લઈ ગયેલ. તેમને જાણ થતા તેઓ ગાંધીધામ પાસે આવેલ હોસ્પીટલમાં ગયેલ અને રવિને માથાના ભાગે ઈજા થયેલ તેમજ હાથમાં ફ્રેકચરહતુ અને પગમાં પણ ઈજા થયેલ. રવિને સારવાર માટે લઈ ગયેલ વ્યકિતએ જણાવેલ કે રવિ ઓફીસ આવતો હતો ત્યારે એક ડમ્પર સાથે ભટકાવવાથી અકસ્માત થયેલ, પરંતુ આ ડમ્પરના નંબર તેઓ જાણતા ન હોવાનુ અને તેઓએ જોયેલ નહિ.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમામં કબુલ રાખેલ છે કે બનાવ સમયે તેઓ હાજર ન હતા એટલે તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને બનાવ સબધે તેમને કોઈ જાત માહિતી નથી.

(૮) ફરીયાદ પક્ષે આંક–૦૮ થી હરીશકુમાર ગોપાલસિંઘ કુમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં જણાવેલ છે કે અકસ્માતનો બનાવ છ માસ અગાઉ બનેલ તે સમયે તેઓ દિલ્હી હતા તે દરમ્યાન તેમના સ્ટાફના આનંદભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે રવિન્દ્રના બાઈકનો અકસ્માત થયેલ છે અને તેને સારવાર માટે હોસ્પીલમા દાખલ કરેલ છે. આ રવિનુ મો.સા. જે અકસ્માત થયેલ તેના નંબર જીજે–૩૯–ઈ–૩૯૬૫ તેમના નામની હતી જેથી આ મોટર સાયકલની આર.સી.બુક તેમજ વીમા પોલીસી તેઓએ પોલીસને આપેલ. અકસ્માત કરનાર ડમ્પર હતુ તેવુ તેમને જાણવા મળેલ પરંતુ તેના નંબર તેમને ખબર નહિ હોવાનુ સરતપાસમાં જણાવેલ છે તે સીવાય તેઓ કંઈ

જાણતા ન હોવાનુ જણાવેલ છે.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કેબ નાવ સમયે તેઓ દિલ્હી હતા અને બનાવ સમયે તેઓ હાજર ન હતા, બનાવ નજરે જોયેલ ન હોઇ, કોઈ જાત માહીતી નથી.

(૯) ફરીયાદ પક્ષે આંક–૧૧ થી ફરીયાદી રવિન્દ્ર રાજેશભાઈ ચવનને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,અકસ્માતનો બનાવ તા:૧૮–૧૦–૨૦૨૫ ના રોજ તેમની સાથે બનેલ અને તે સમયે તેઓ કંડલા એરપોર્ટ ખાતે સ્પાઈસ જેટ કંપનીમાં એન્જીનીયર તરીકે નોકરી કરતા હતા. બનાવના અરસામાં તેઓ અંબિકાનગર વરસામેડી ખાતે રહેતા હતા. તે દિવસે બપોરના બારેક વાગ્યાની આસપાસ તેમની મોટર સાયકલ લઈને ઘરેથી નોકરીએ જવા નીકળેલ અને તેઓ હાઈવે ચડવા જતા હતા ત્યારે સાઈડમાં ઉભો રહેલ તે દરમ્યાન સામેથી એક ટ્રક આવેલ અને તે ટ્રક તેમની સાઈડમાં આવી તેમની સાથે ભટકાતા તેઓ મોટર સાયકલ સહિત પડી ગયેલ અને ટ્રક વાળા ત્યાંથી ચાલ્યા ગયેલ. વધુમાં જણાવેલ છે કે આ અકસ્માતમાં તેમને માથાના ભાગે, જમણા હાથે અને ડાબા પગમાં ઈજા થયેલ.આજુબાજુથી લોકો આવી ગયેલ અને તેમને એક ગાડીમાં સારવાર માટે જૈન સેવા સમિતિ હોસ્પીટલ,આદીપુર લઈ ગયેલ જયાં સારવાર કરેલ. તેમને માથાનાં ભાગે બાવીશ ટાંબા આવેલ અને જમજ્ઞા હાથે અંગુઠામાં તથા ડાબા પગે પણ ટાંકા આવેલ. તેઓએ બનાવ અંગેની ટ્રક વાળા સામે ફરીયાદ આપેલ અને તેઓ હોસપીટલમાં હતા ત્યારે તેમા સહી કરેલ. જે અસલ ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવી તે આંક–૧૨ થી રજુ રાખેલ છે.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તેમને ગુજરાતી વાંચતા આવડતુ નથી અને તેમની ફરીયાદમાં કોઈ વ્યકિતનુ નામ કે ટ્રકના નંબર જણાવેલ નથી. વધુમાં કબુલ રાખેલ છે કે બાગેશ્વરી લેક સીટી સોસાયટી પાસે રહેણાંકના મકાનો આવેલ છે અને અકસ્માત નો બનાવ નિલકંઠ હોમ્સ સોસાફટીના ગેટ પાસે બનેલ આ સોસાયટી ની

સામે એરપોર્ટ તરફ જવા માટેનો હાઈવે રોડ છે અને આ રોડ ઉપર દિવસ દરમ્યાન વાહનોની અવર જવર ચાલુ હોય છે. વધુમાં જણાવેલ છે કે તેઓ ઘરેથી નોકરલ ઉપર જાય તે નેશનલ હાઈવે છે. તેઓએ કબુલ રાખેલ છે કે નેશનલ હાઈવે ઉપર હેલમેટ ફરજીયાત છે અને તે દિવસે તેઓએ હલમેટ પહેરેલ ન હતુ.

(૧૦) ફરીયાદ પક્ષે આંક–૧૩ થી તપાસવામાં આવેલ સાહેદ શામજી હમીરભાઈ આગરીયાએ તેમનાં પુરાવામાં જણાવેલ છે કે ટ્રક નં. જીજે. ૩.સીયુ.૩૫૧ કોની માલીકીની છે તે તેઓ જાણતા નથી. તેઓ ગાંધીધામ એરપોર્ટ રોડ ઉપર ડમ્પર રીપેરીંગનુ ગેરેજ ચલાવતા હોઈ અને તેઓ ભુરાભાઈ નાગજીભાઈને ઓળખતા ન હોવાનુ અને પોલીસે એકાદ વર્ષ અગાઉ તેમની પાસે આવી પુછપરછ કરેલ.અકસ્માતનો બનાવ તેમની ગેરેજથી એકાદ કિ.મી. દૂર બનેલ. આમ, સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોઈ, વિ.એ.પી.પી.શ્રીએ સદર સાહેદને ફરી ગયેલા જાહેર કર્યા બાદ ઉલટ તપાસ કરવા છતાં પણ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તેઓએ બનાવ નજરે જોયેલ નથી કે બનાવ વિશે તેમને કોઈ જાત માહિતી નથી.

(૧૧) ફરીયાદ પક્ષે આંક–૧૪ થી એમ.એલ.સી., આંક–૧૫,૧૬ થી આર.સી.બુકની નકલો, આંક–૧૭ થી પંચનામુ રજુ રાખેલ છે. પરંતુ ઉપરોકત પુરાવાની કરેલ ચર્ચા મુજબ સદરહુ દસ્તાવેજોનુ પુરાવાકીય કોઈ મૂલ્ય રહેતુ નથી.

(૧૨) આમ, ફરીયાદ પક્ષને રજુ થયેલ ઉપરોકત તમામ પુરાવાનુ મૂલ્યાંકન કરતા પહેલા સૌ પ્રથમ એ હકીકત પુરવાર કરવાની રહે છે કે, બનાવ, સમયે અને સ્થળે હાલના આરોપી જ અકસ્માતમાં સંડોવાયેલ વાહન પુરઝડપે,બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવતા હતા. વધુમાં બનાવ સ્થળ એ જાહેર રોડ આવેલ છે. જાહેર રોડ ઉપર લોકો ની તેમજ વાહનો ની અવર–જવર થતી હોય તેમ માની શકાય તેમ છે. તેમ છતાં

પણ ફરીયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનું નિવેદન નોંધેલ હોય તેવું સમગ્ર ચાર્જશીટ પેપર્સને ધ્યાને લેતા જણાઇ આવતું નથી. વધુમાં ફરીયાદ પક્ષના પુરાવાથી એ હકીકત પણ પુરવાર થતી નથી કે અકસ્માત કરનાર વાહનના નંબર તેમજ તેના ચાલક હાલના આરોપી હતા.

હવે, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ ના આવશ્યક તત્વો જોવામાં આવે તો "જાહેર રસ્તા ઉપર બેફામપણે અથવા બેદરકારીપુર્વક વાહન ચલાવવું જેના કારણે બહુજન સમુદાયની જીંદગી જોખમમાં મુકાય". ઉપરોકત પુરાવાની કરેલ ચર્ચા મુજબ બનાવ સમયે અને સ્થળે આરોપીએ પોતાના કબજાનું વાહન પુર ઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવતા હોવાની હકીકત ને સ્વતંત્ર સાહેદના પુરાવા થી સમર્થન મળવુ આવશ્યક બની રહે છે. હાથ ઉપરના કેસમાં અકસ્માતમાં ઈજા પામનાર ફરીયાદી બનાવ સ્થળે હાજર હતા અને તેઓને અકસ્માતમાં ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ હોવાનુ રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ બનાવ સમયે ખરેખર વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હાલના આરોપી હંકારતા હતા તે બાબત સ્પષ્ટ રીતે ફરીયાદીના પુરાવા થી જ પુરવાર થતી નથી. વધુમાં ગુનાની એફ.આઇ.આર. વંચાણે લેતાં પણ આરોપી તરીકે કોઇ અજાણ્યો વાહન ચાલક એમ દર્શાવવામાં આવેલ છે પરંતુ વાહનના નંબર કે તેના ચાલક બાબતેની કોઇ હકીકત ફરીયાદમાં જાહેર થયેલ નથી. અકસ્માતના કિસ્સામાં વાહનના ચાલક બાબતેનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવવો જરૂરી છે. આમ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા પરથી હાલનો ગુનો પુરવાર થતો નથી. જેથી આરોપી ને હાલના ગુના કામે સાંકળી શકાય તેમ જણાઈ આવતું નથી. અન્ય તપાસવામાં આવેલ સાહેદોએ અકસ્માતનો બનાવ નજરે જોયેલ નથી. જેથી ફરીયાદ પક્ષે એ ફરીયાદ મુજબની હકીકત શંકારહિત સાબીત થયેલ નથી કે બનાવ સમયે,સ્થળે અને તારીખે હાલના જ આરોપી સદરહુ વાહનના ચાલક હતા અને તેઓએ પોતાના કબજાનુ વાહન પુરઝડપે, બેદકારી અને પુરઝડપે હંકારી અકસ્માત કરેલ હતુ. બનાવ સ્થળ જાહેર રોડ હોવા છતાં પણ સ્વતંત્ર સાહેદનુ નિવેદન નોંધ તેઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી. જે તમામ હકીકત અને રજુ પુરાવાને ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ નુ તહોમત શંકારહિત પુરવાર કરવામાં સફળ રહેલ નથી.

(૧૩) ફોજદારી ધારાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના જ સબળ પુરાવા થી સાબીત કરવાનો રહે છે. જો ફરીયાદપક્ષ જો પોતાનો કેસ સાબીત કરવામાં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળતો હોય છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય તેવો સબળ પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

૦૧. આ કામના આરોપી **રશપાલસિંહ હરભજનલાલ મહમી,**ઉ.વ.:૩૩,ધંધો: ડ્રાઈવીંગ,રહે:મકાન નં.૧૬,શાંતીધામ-૦૩,વરસામેડી,અંજાર-કચ્છ મુળ - જગદબા સોસાયટી, કિડાણા, ગાંધીધામ-કચ્છ અંજાર પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૯૯૩૦૦૩૨૫૧૩૧૫/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ ૨૮૧, ૧૨૫(બી) તેમજ એમ.વી.એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના શિક્ષા ને પાત્ર ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૦૨. આરોપીએ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવાની ખાત્રી આપતા બી.એન. એસ. એસ.ની કલમ-૪૮૧ ની જોગવાઈ મુજબ છ માસના રૂા.૫,૦૦૦/-(અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જાત જામીન તથા જાતમુચરકા રજુ રાખવા.

આજરોજ તા: ૧૨મી, માહે:મે, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ- અંજાર-કચ્છ
તા:૧૨-૦૫-૨૦૨૬
(આરપીગોર,ગુજ.સ્ટેનો.ગ્રેડ-૧)

( બી. આર. વાઘેલા )
જીજે ૦૦૯૯૩
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અંજાર-કચ્છ